# સહસ્ર પુત્રવતી ભવ

–આશા વીરેન્દ્ર

રાનગાંવ – મહારાષ્ટ્રનું નાનું એવું ગામ. ગામ ભલે નાનું; પણ ગામવાસીઓમાં ભારે સંપ. સારે–માઠે પ્રસંગે બધા એક થઈને ઉભા રહે. એમાંયે જ્યારે વીષ્ણુકાકાના એકના એક જુવાન જોધ દીકરા ચેતનના અવસાનના સમાચાર મળ્યા, ત્યારે ગામ આખું સ્તબ્ધ થઈ ગયું. પોતાના નામ પ્રમાણે ચેતનવંતો, હસમુખો, મીલનસાર ચેતન, આમ એકાએક જડ થઈ જાય એવું શી રીતે બને ?

પણ એવું જ બન્યું હતું. પોતાના ખેતરમાં મુકેલી પાણી માટેની મોટરના વાયરનો કરંટ લાગ્યો ને ચેતન કોઈને આવજો કહેવાય ન રોકાયો. એ તો બાજુના ખેતરવાળો દુષ્યંત એને જમવા બોલાવવા આવ્યો ત્યારે ખબર પડી. આખા ગામમાં તો હાહાકાર મચી જ ગયો; પણ ઘરે રહેલી ત્રણ વ્યક્તીઓની તો આ સાંભળીને સુધબુધ જ જતી રહી.

રેવાકાકી અને ઉષ્મા – સાસુ અને વહુ; બન્ને એવાં ભાંગી પડ્યાં હતાં કે કોણ કોને આશ્વાસન આપે? દીવાલને અઢેલીને પથ્થરની મુર્તીની જેમ બેઠેલી ઉષ્માનો હાથ, હાથમાં લઈને રેવાકાકી રડ્યે જતાં હતાં. આજુબાજુ બેઠેલી સ્ત્રીઓની દબાતા અવાજે થતી વાતચીત એમને કાને અથડાઈ રહી હતી. ‘હજી તો લગ્નને ચાર જ વરસ થયાં, ત્યાં બીચારીનો વીધવા થવાનો વારો આવ્યો.’ ‘એકાદ છોકરું હોત તો એને સહારેય જીન્દગી સુખેદુ:ખે વીતાવી દેત; પણ આ તો....’

‘છોકરું’ શબ્દ સાંભળતાં ઉષ્માની સ્મૃતીમાં ભુતકાળ સળવળી ઉઠ્યો. રાંનગાંવ નજીકના શહેરના કૃષીવીદ્યાલયમાં એ અને ચેતન સાથે અભ્યાસ કરતાં. એ પહેલા વર્ષમાં અને ચેતન ત્રીજા વર્ષમાં. બન્ને ક્યારે અને કેવી રીતે એકબીજાની નજીક આવતાં ગયાં, ખબરેય ન પડી. એક દીવસ ચેતને સીધે સીધું કહ્યું,

‘જો ઉષ્મા, મને ગોળ ગોળ ફેરવીને વાત કરતાં આવડતું નથી. મને તું ગમે છે અને મને લાગે છે કે તને પણ હું પસંદ છું. વળી આપણે બેઉ કૃષી કૉલેજમાં ભણીએ છીએ એટલે આપણા રસના વીષયો પણ સરખા જ છે.’

બધું જાણવા–સમજવા છતાં અજાણ બનવાનો ડોળ કરતાં એણે કહેલું, 'આજે એકાએક તેં આવી વાત કેમ કરવા માંડી, મને સમજાયું નહીં.' શરમાઈને દુપટ્ટાનો છેડો દાંત વચ્ચે દબાવતાં એ હસી પડી હતી.

પછી તો બન્નેનાં માતાપીતાની સમ્મતીથી બન્નેનાં લગ્ન થયાં. પણ સગાઈ અને લગ્ન વચ્ચેના ગાળામાં જ્યારે પણ તેઓ મળતાં ત્યારે ચેતન કહેતો,

'ઉષ્મા, હું તો જમીન સાથે જોડાયેલો માણસ છું. અહીં બાપદાદાના સમયની અમારી વીસ એકર જમીન છે. મારે એ જમીનમાં આધુનીક ઢબે ખેતી કરવી છે. હું શહેરમાં વસવા માગતો નથી. તને કંઈ વાંધો તો નથી ને?'

'વાંધો હોય તોયે હવે શું થાય?' ચેતનને ચીડવતાં એ કહેતી.

લગ્ન પછી બેઉ ખભેખભા મીલાવીને ખેતીના કામમાં મચી પડ્યાં. નવાં નવાં પુસ્તકો અને સામયીકોમાં નવી શોધખોળો વીશે વાંચવું, નવાં સાધનો વસાવવાં, કૃષીમેળા અને સમ્મેલનોમાં જઈ પોતાની જાણકારીમાં વૃદ્ધી કરવી; એમાં આ દમ્પતીને જીવનની સાર્થકતા લાગતી.

સંતોષ અને મમતાપુર્વક ખેતરને જોતાં એક દીવ ચેતને કહ્યું,

'મારે આ ખેતર પર એક હજાર આંબા વાવવા છે. કલ્પના કર કે એ હજાર ઝાડ જ્યારે ફળથી લચી પડશે ત્યારે આ વાડી કેવી હરીભરી લાગશે? એક નીસાસો નાંખતાં ઉષ્માએ કહ્યું, 'હા, આંબા પર તો ફળ આવશે; પણ લગ્નનાં ત્રણ ત્રણ વરસ થયાં છતાં મારા દેહની ડાળી પર હજી ફળ નથી બેઠું, એનું શું?'

સ્નેહથી એને પોતાની નજીક ખેંચતાં ચેતન બોલ્યો હતો, 'તને શું વધારે ગમે? એક પુત્રની મા થવું કે હજાર પુત્રની? સાચું કહું તો આ બધા સાથે હું એવો તો એકાકાર થઈ જાઉં છું કે મને તો વીચાર જ નથી આવતો કે આપણે ત્યાં સન્તાન નથી!'

'ખરેખર?'

'સાવ સાચું. અને હું તો એવું ઈચ્છું કે આપણાં આ સન્તાનોની દેખભાળમાં, એમને ઉછેરવામાં તું પણ ખોવાઈ જા.'

ચેતનની મરણોત્તર ક્રીયાઓ પતી. ઉષ્માનાં માતાપીતા બીજે દીવસે પોતાના ઘરે પાછાં ફરવાનાં હતાં. રાત્રે ચારેયે માબાપ ઉષ્માના ભાવીની ચીન્તા કરતાં બેઠાં હતાં. વીષ્ણુકાકાએ કહ્યું, 'વેવાઈ, તમારા મનમાં શું ચાલી રહ્યું છે, તે હું સમજી શકું છું. અમે ચેતનનાં માબાપ ભલે હોઈએ;

પણ એના ગયા પછી અમે સતત ઉષ્માનો જ વીચાર કર્યા કરીએ છીએ. એના આખા જીવનનો સવાલ છે. થોડા વખત પછી તમે આવીને એને તેડી જજો. અમે હોંશે હોંશે એને વળાવીશું.'

બારણાની આડશે ઉભી રહીને બધી વાતો સાંભળતી રહેલી ઉષ્મા હાથ જોડીને બોલી,

'માફ કરજો, તમારી વડીલોની વાતમાં વચ્ચે બોલવાનો અવીવેક કરી રહી છું; પણ મને પુછ્યા વીના મારા ભવીષ્યનો ફેંસલો તમે કેવી રીતે કરી શકો? આ મા–બાપ, આ ઘર અને આ ખેતરને છોડીને હું ક્યાંય જવાની નથી. ને મા–બાપુ, હું પગફેરો જરુર કરી જઈશ; પણ અહીં રહીને ચેતનનાં આદરેલાં અધુરાં કામ પુરાં કરવાની જવાબદારી મારી છે. આશીર્વાદ આપો કે, મારી જવાબદારી હું સુપેરે નીભાવું.' સમજદાર દીકરીને આશીષ આપતાં, માતા–પીતાની આંખો નીતરી રહી.

બીજે દીવસે સાસુ–સસરાને લઈને એ ખેતરે પહોંચી. બેઉને સમ્બોધીને એ બોલી : 'હજાર આંબા રોપવાનો ચેતનનો અધુરો સંકલ્પ મારે પુરો કરવાનો છે. કોઈ પુત્રવધુએ શરમ અને સંકોચને કારણે સાસુ–સસરાને એવું કહ્યું નહીં હોય કે મને 'પુત્રવતી ભવ'ના આશીર્વાદ આપો; પણ આજે હું તમારી પાસે એક–બે નહીં; પણ 'હજાર પુત્ર'ની મા બનવાના આશીષ માંગું છું. જ્યારે હું એ હજારનું સારી રીતે લાન–પાલન કરી શકીશ તે દીવસે ચેતનનો આત્મા તૃપ્ત થશે.'

રેવાકાકી અને વીષ્ણુકાકા ગળગળાં થઈ ગયાં; પણ વીષ્ણુકાકાએ તરત પોતાની જાતને સંભાળી લીધી અને બોલ્યા,

'અમારાં અંતરના તને આશીષ છે, દીકરા, ને હું તો વાડીને દરવાજે બોર્ડ લગાવવાનો છું : 'હજાર દીકરાની માની વાડી.'

('ઐશ્વર્યા પાટેકર'ની 'મરાઠી' વાર્તાને આધારે..
તા. 01-01-2018ના 'ભુમીપુત્ર'ના છેલ્લા પાન પરથી.. સાભાર..
–આશા વીરેન્દ્ર

સર્જક–સમ્પર્ક :
આશા વીરેન્દ્ર,

બી–401, ‘દેવદર્શન’, પાણીની ટાંકી પાસે, હાલર , વલસાડ– 396 001
ફોન : 02632-251 719 મોબાઈલ : 94285 41137 ઈ–મેઈલ : avs_50@yahoo.com

♦●♦

‘સન્ડે ઈ.મહેફીલ’ – વર્ષ: ચૌદમું – અંક: 405 –July 22, 2018
‘ઉંઝાજોડણી’માં અક્ષરાંકન: ઉત્તમ ગજ્જર - uttamgajjar@gmail.com

♦●♦

Have you ever visited : http://www.gujaratilexicon.com ?

More than 3,53,27,000 Gujarati Language lovers have visited

http://www.gujaratilexicon.com

More than 1,05,52,000 have visited Digital Bhagwadgomandal

http://www.bhagwadgomandal.com

More than 10,15,000 have visited Lokkosh

http://lokkosh.gujaratilexicon.com

More than 10,42,000 have visited Global-Gujaratilexicon

http://global.gujaratilexicon.com

@@@@@@@@@